# વકીલોનેસરકીટહાઉસમાંરહેવાની મંજૂરી આપો: ગુ. બાર કાઉન્સિલ

**સરકારી** દરે રોકાણની સુવિધા ઉપલબ્ધ કરાવવા નીતિગત નિર્ણય લેવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

સુરતઃ વકીલોને રાજ્યના તમામ સર્કિટ હાઉસમાં રહેવાની મંજૂરી આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત ગુજરાત બાર કાઉન્સિલના ચેરમેન મારફતે કરવામાં આવી હોવાનું જણાવાયું છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, રાજ્યભરના હજારો વકીલો ન્યાયતંત્ર સાથે સંકળાઈ પક્ષકારોને ન્યાય અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વ્યવસાયના ભાગરૂપે હાઈકોર્ટ, જિલ્લા અદાલતો, વિવિધ ટ્રિબ્યુનલ તથા અન્ય કાનૂની મંચો સમક્ષ કેસોની પેરવી કરવા માટે તેમને વારંવાર એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં પ્રવાસ કરવો પડે છે. આવા સંજોગોમાં બહારગામથી આવતા વકીલોને સુરક્ષિત અને વાજબી દરે રોકાણની સુવિધા ઉપલબ્ધ થાય એ સમયની જરૂરિયાત હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

સરકાર દ્વારા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને મળતી સરકીટ હાઉસ તથા સરકારી વિશ્રામગૃહોની સુવિધા જેવી જ સુવિધા એડવોકેટ્સને પણ સરકારી દરે ઉપલબ્ધ કરાવવામાં આવે તો સમગ્ર વકીલ સમાજને તેનો સીધો લાભ મળશે. વકીલ આલમે આ માંગણીને ન્યાયસંગત ગણાવી વહેલી તકે આ મામલે અનુકૂળ નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી છે.

### સુરત એરપોર્ટની ટપકતી છત ફરી ચર્ચામાં, 138.48 કરોડના ખર્ચે બનેલા

# ટર્મિનલમાં ‘વરસાદી ઝરણાં’

‘**NEETના** પેપર લીક પર તો કાયદો આવી ગયો, પરંતુ સુરત એરપોર્ટની છતમાંથી પાણી લીક થતું બંધ કરાવવા માટે પણ શું અલગ કાયદો લાવવો પડશે?’



સુરતઃ દેશમાં NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીકની ઘટના વચ્ચે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નવા ટર્મિનલની ટપકતી છત ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે.

સુરત શહેરમાં શનિવારે પડેલા અઢી ઈંચ વરસાદ પડતાં ટર્મિનલની અંદર અનેક સ્થળોએ છતમાંથી પાણી ટપકવાના દૃશ્યો સામે આવ્યા છે, જેના કારણે મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

સોશિયલ મીડિયા પર આ ઘટનાને લઈને વ્યંગ્યાત્મક ટિપ્પણીઓનો વરસાદ શરૂ થયો છે. અનેક લોકોએ લખ્યું છે કે,

ડિસેમ્બર 2023 માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્ઘાટન કરાયેલા સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના બહુચર્ચિત નવા ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડીંગના રૂફ ટોપ પરથી ઠેર ઠેર વરસાદી પાણી ટપકનો વીડિયો સોશિયલમાં વાયરલ થતા ખળભળાટ મચી ગયો છે.

138.48 કરોડના ખર્ચે નવું ઈન્ટિગ્રેટેડ ટર્મિનલ બિલ્ડિંગનું કામ કરવામાં આવ્યું છે.

મુસાફરોના જણાવ્યા મુજબ, એરપોર્ટ ટર્મિનલને કાર્યરત થયાને હજુ બે વર્ષ પણ પૂર્ણ થયા નથી, છતાં દર ચોમાસામાં છતમાંથી પાણી ટપકવાની ફરિયાદો સામે આવે છે. કરોડોના ખર્ચે નિર્માણ પામેલા આંતરરાષ્ટ્રીય સ્તરના ટર્મિનલમાં આવી સ્થિતિ સર્જાતાં એરપોર્ટની કામગીરી અને બાંધકામની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થયા છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફોટા અને વીડિયો વધુ ચર્ચામાં છે. તેમાં ટપકતા પાણી નીચે એરપોર્ટ પ્રશાસને કુંડામાં રાખેલા છોડ મૂકી દીધા હોવાનું જોવા મળે છે. આ દૃશ્યોને લઈને પણ લોકો વ્યંગ્ય કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે, ‘વાહ સરજી... એક જ ઉપાયથી છોડને પાણી પણ મળી ગયું અને મુસાફરોને લાગશે કે એરપોર્ટમાં વોટરફોલ બનાવવામાં આવ્યો છે.’

# જુદી જુદી સ્કીમ આપી ત્રણ સાથે ૮૪.૨૨ લાખની ઠગાઈ

**સાઇબર** એટેક અને ઓનલાઇન ઠગાઇના અલગ ગુના નોંધાયા

સુરતઃ ઓનલાઈન પ્લેટફોર્મનો દુરુપયોગ કરી નાણાં પચાવી પાડતી શાતિર સાયબર ગેંગ્સ સક્રિય થઈ છે. ઈ-કોમર્સ જાયન્ટ ફ્લિપકાર્ટની સિસ્ટમનો દુરુપયોગ કરી રૂ.૪૨.૨૦ લાખની છેતરપિંડી કરવા ઉપરાંત શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી એનઆરઆઈ નાગરિક સાથે રૂ.૩૬.૦૩ લાખ અને ટેલિગ્રામ પાર્ટ ટાઈમ ટાસ્ક જોબના નામે કતારગામના આધેડ સાથે રૂ.૫.૯૮ લાખની ઠગાઈ આચરવાના ત્રણ અલગ-અલગ કિસ્સા સામે આવ્યા છે. આ ત્રણેય બનાવો અંગે સાયબર ક્રાઈમમાં ફરિયાદો નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી છે.

### ફ્લિપકાર્ટ સાથે રૂ.૪૨.૨૦ લાખની ઠગાઇ

ફ્લિપકાર્ટ કંપનીની ‘ટ્રસ્ટ એન્ડ સેફટી ટીમ’ના નિયમિત ઓડિટ દરમિયાન મેસર્સ સુખવિલાસ ક્રિએશન નામના સેલર એકાઉન્ટમાં મોટા પાયે શંકાસ્પદ વ્યવહારો જણાયા હતા. આ સેલર એકાઉન્ટ પરથી અંદાજે રૂ.૯૪ લાખની કિંમતના ૫,૧૨૧ ઓર્ડરો નોંધાયા હતા. ત્યારબાદ આ ઓર્ડરોને રિટર્ન દર્શાવી કંપનીને કુલ રૂ.૪૨,૨૦,૨૪૯/- નો આર્થિક ચૂનો ચોપડ્યો હતો.

### NRI સાથે રૂ.3૬.03 લાખની છેતરપિંડી


ડિંડોલી પોલીસ સ્ટેશન સામે આવેલ ઉમિયા બંગ્લોઝમાં રહેતા કસકબેન પાટીલના પતિ સંદીપભાઈએ ફેસબુક સ્ક્રોલિંગ કરતી વખતે શેરબજારની જાહેરાત જોઈ લિંક પર ક્લિક કરતાં વળતરની લાલચે તેમની પાસેથી રૂ. ૩૬,૦૩,૦૫૪ ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરાઈ હતી.

### રેટિંગ ટાસ્ક જોબની લાલચ આપી રૂ.૫.૯૮ લાખનું ફ્રોડ

કતારગામમાં રહેતા ૪૫ વર્ષીય આધેડને ટેલિગ્રામ આઇડી `@Mentor_Menon` ના ધારકે સંપર્ક કરી સ્ટાર રેટિંગ ટાસ્ક પૂર્ણ કરી ઊંચુ કમિશન મેળવવાની લાલચ આપી હતી. બાદમાં રૂ.૬,૦૦,૮૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. તેમાંથી માત્ર રૂ.૨,૦૦૦ વિડ્રો કરવા દઈ બાકીના રૂ.૫,૯૮,૮૦૦ પચાવી પાડ્યા હતા.

### મહિધરપુરાના હરિપુરામાં 20 વર્ષ જૂનું જર્જરિત મકાન ધરાશાયી





■ હરિપુરાની પંચોલી શેરીમાં આવેલું ઘર નં. 5/579 આશરે 20 વર્ષ જૂનું અને જર્જરિત હાલતમાં હતું. આ મકાનના આગળના ભાગની દિવાલ તેમજ પતરાના શેડનો ભાગ અચાનક ધરાશાયી થયો હતો. જેને પગલે એક વાહનને નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં ફાયરની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ સ્થળનું નિરીક્ષણ કરી આસપાસના વિસ્તારમાં જરૂરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી. કોઈ જાનહાનિ થઈ નહોતી.

## રૂ.1.11 કરોડની છેતરપિંડી કેસમાં આગોતરા જામીન ફગાવાયાં

સુરતઃ રૂ.250 કરોડની લોન અપાવવાના બહાને કરોડો રૂપિયાની છેતરપિંડીના કેસમાં આરોપી ભગવાન ઉર્ફે ભીખેન સુખલાલ પાટીલની આગોતરા જામીનઅરજી એડિશનલ સેશન્સ જજ અમિતકુમાર નરેન્દ્રભાઈ દવેએ ફગાવી દીધી હતી. આરોપી અરજદાર તથા તેના સાગરીતોએ વેસુ વિસ્તારમાં નિર્માણ પામનારી હાઈરાઈઝ બિલ્ડિંગ પ્રોજેક્ટ માટે રૂ.250 કરોડની લોન મંજૂર કરાવી આપવાની લાલચ આપી પ્રોસેસિંગ ફી અને કમિશન પેટે કુલ રૂ.1.11 કરોડની રકમ લેવામાં આવી હતી. જોકે, બાદમાં લોન મેળવવામાં આવી નહોતી અને રકમ પણ પરત આપવામાં આવી નહોતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ સંતોષ ગોહિલે અરજીનો વિરોધ કરતી દલીલો કરી હતી.

# ખુદ પિતા નાનીના હાથમાંથી પોતાના પુત્રને ઝૂંટવીને લઈ ગયા

**બાળકના** અપહરણ અંગે કિરણ હોસ્પિટલની તબીબ માતાએ ફરિયાદ નોંધાવી

સુરત : વેસુ ખાતે આવેલી જી.ડી. ગોયન્કા ઈન્ટરનેશનલ સ્કૂલની બહારથી શહેરની નામાંકિત કિરણ હોસ્પિટલમાં ફરજ બજાવતા મહિલા તબીબના માસૂમ પુત્રનું અપહરણ કરી જવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. પીપલોદના આશીર્વાદ બંગલોઝ ખાતે પરિવાર સાથે રહેતા અને શહેરની જાણીતી કિરણ હોસ્પિટલમાં ડર્મેટોલોજિસ્ટ (ચામડીના રોગોના નિષ્ણાત) તરીકે સેવા આપતા ડો. નંદિતાબેન પટેલના લગ્ન વર્ષ ૨૦૨૧માં વેસુ વિસ્તારના રસિકવિલા એપાર્ટમેન્ટમાં રહેતા ઈશાન દુષ્યંતભાઈ પટેલ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને ‘અથર્વ’ નામે ૩ વર્ષ ૮ માસનો પુત્ર છે. પતિ-પત્ની વચ્ચે ઘરકંકાસ અને મેટ્રોમોનિયલ વિવાદ કોર્ટમાં પેન્ડિંગ હોવાથી મહિલા ડોક્ટર પોતાના પુત્ર સાથે પીપલોદ પિયરમાં રહેતા હતા.

માસૂમ અથર્વ વેસુની જી.ડી. ગોયન્કા સ્કૂલમાં પ્લે ગ્રુપમાં અભ્યાસ કરે છે. ગત તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ બપોરે કિરણ હોસ્પિટલમાં ફરજ પર હાજર ડો. નંદિતાબેનના માતા દક્ષાબેન તથા કેરટેકર સોનલબેન વેગનઆર ગાડી લઈને બાળક અથર્વને સ્કૂલેથી લેવા ગયા હતા. કેરટેકર સોનલબેન શાળામાંથી અથર્વને લઈને બહાર ઊભેલી ગાડી પાસે આવ્યા ત્યારે અચાનક સફેદ રંગની અર્ટિગા કારમાં આવેલ પતિ ઈશાન પટેલે ગાડીમાંથી ઊતરી ‘હું અથર્વને તમારી પાસે રહેવા નહીં દઉં’ તેમ કહી નાની દક્ષાબેન પાસેથી બાળકને ઝૂંટવી લીધો હતો. તેણે ધમકી આપી હતી કે, આજે તો હું અથર્વને કોઈપણ સંજોગોમાં લઈને જ રહીશ, તમારો પડછાયો પણ તેની ઉપર નહીં પડવા દઉં.

જો વધારે ડહાપણ કરશો તો બધાને જાનથી મારી નાખીશ. આટલું કહી તસ્કરે માસૂમ બાળકને ઝૂંટવી પોતાની અર્ટિગા કારમાં બેસાડી પુરપાટ ઝડપે ભગાડી મૂકી હતી. બનાવ અંગે મહિલા તબીબે પતિ ઈશાન પટેલ, સસરા દુષ્યંતભાઈ તથા સાસુ રોહિણીબેન વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# રદ ફલાઈટનું રિફંડ કાપનાર ટ્રાવેલ એજન્સીને લપડાક

**કોરોનામાં** સંપૂર્ણ રિફંડ ચૂકવવાનો પરિપત્ર છતાં રકમ અટકાવી રાખવી ગ્રાહક હિત વિરુદ્ધની કાર્યવાહી

સુરતઃ કોરોનામાં લોકડાઉનને કારણે રદ થયેલા કેનેડા પ્રવાસ માટે ચૂકવાયેલી રકમમાંથી ગેરકાયદે કપાત કરનાર ટ્રાવેલ એજન્સી અને તેના સંચાલક સામે ગ્રાહક કોર્ટે ગ્રાહકના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. ફરિયાદી દીપક કનકસિંહ વસાવા અને તેમના પરિવારજનોએ કેનેડા પ્રવાસ માટે યુગ ટ્રાવેલ્સ મારફતે એર ટિકિટ્સ બુક કરાવી હતી. જોકે, માર્ચ-2020માં કોરોના મહામારી ફાટી નીકળતા પ્રવાસ રદ થઈ ગયો હતો. ફરિયાદીનો આક્ષેપ હતો કે ટ્રાવેલ એજન્સીએ કુલ રકમમાંથી માત્ર રૂ.2,97,830 જ પરત આપ્યા હતા. જ્યારે રૂ.1,22,218ની કપાત અંગે કોઈ સ્પષ્ટતા કરી નહોતી. ફરિયાદી પક્ષના વકીલ શ્રેયસ દેસાઈ, પ્રાચી દેસાઈ અને ઈશાન દેસાઈએ દલીલ કરી હતી કે DGCA દ્વારા 7 ઓક્ટોબર, 2020ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં લોકડાઉન દરમિયાન રદ થયેલી એર ટિકિટની સંપૂર્ણ રિફંડ રકમ મુસાફરોને ચૂકવવાનો સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો હતો. જિલ્લા ગ્રાહક કમિશનના પ્રમુખ પી.પી.મોખીયા અને સભ્ય તીર્થેશ મહેતાએ યુગ ટ્રાવેલ્સ અને તેના સંચાલકને બાકી રહેલી રૂ.1,22,218ની રકમ ફરિયાદ દાખલ થયાની વ્યાજ સાથે 30 દિવસની અંદર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# મધ્ય પૂર્વના યુદ્ધની અસરથી MEGમાં રૂ.11.60નો ઉછાળો, યાર્ન મોંઘું થશે

**યુદ્ધવિરામ** સમાપ્ત થતાં ક્રૂડ ઓઇલમાં ફરી તેજી, PTA ઘટ્યું પરંતુ MELT વધ્યું; વિવર્સને જરૂરિયાત મુજબ જ યાર્ન ખરીદવાની અપીલ

સુરતઃ અમેરિકા-ઈરાન વચ્ચે થયેલો યુદ્ધવિરામ સમાપ્ત થતાં વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી આશરે 8 ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. તેની સીધી અસર ટેક્સટાઇલ ઉદ્યોગના મુખ્ય રો મટિરિયલ પર પડી રહી છે. 1 ઓગસ્ટથી અમલમાં આવેલા નવા રો મટિરિયલ ભાવ મુજબ MEGમાં પ્રતિ કિલો રૂ.11.60નો જંગી વધારો થતાં તેનો ભાવ રૂ.70.30 પર પહોંચ્યો છે. જ્યારે MELTમાં રૂ.1.88નો વધારો થતાં ભાવ રૂ.102.59 પ્રતિ કિલો થયો છે. બીજી તરફ પોલિએસ્ટર યાર્નની માંગ નબળી રહેતાં PTAમાં રૂ.2.40નો ઘટાડો થઈ ભાવ રૂ.91.50 પ્રતિ કિલો નોંધાયો છે.

વિવર્સ અગ્રણી સુરેશ પટેલ (ગબ્બર)એ જણાવ્યું હતું કે, MEGનું ઉત્પાદન મુખ્યત્વે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના પાણીપત અને પારાદીપ પ્લાન્ટ, MRPL (મેંગ્લોર રિફાઇનરી એન્ડ પેટ્રોકેમિકલ્સ) તેમજ રિલાયન્સ ઇન્ડસ્ટ્રિઝ દ્વારા કરવામાં આવે છે. યાર્ન ઉત્પાદક એકમો સુરતમાં હોવા છતાં રો મટિરિયલના પ્લાન્ટ સુરતથી દૂર હોવાથી માત્ર પરિવહન ખર્ચ જ પ્રતિ કિલો અંદાજે રૂ.6 જેટલો વધે છે. જો સુરત નજીક ઉત્પાદન શરૂ થાય તો ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે. બીજી તરફ ગુજરાતમાં ઉત્પાદન કરતી કંપનીઓને ઓછો પરિવહન ખર્ચ થતો હોવા છતાં તેઓ પણ અન્ય રાજ્યોના ઉત્પાદકો જેટલા જ ભાવ વસૂલે છે.

સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી અને વિવર્સ અગ્રણી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, દર મહિને રો મટિરિયલની શોર્ટેજમાં આશરે 20 ટકા વધારો થઈ રહ્યો છે. જો આ સ્થિતિ યથાવત્ રહેશે તો ટૂંક સમયમાં MEG અને PTAના ભાવમાં પ્રતિ કિલો રૂ.40 સુધીનો વધારો થવાની શક્યતા છે. પરિણામે પોલિએસ્ટર યાર્નની કિંમત વિવર્સની ખરીદ ક્ષમતાની બહાર પહોંચી શકે છે. આવી સ્થિતિમાં પાવરલૂમ ઉદ્યોગની રોજગારી જોખમમાં મુકાવાની સાથે કારીગરોના સ્થળાંતરની પણ ભીતિ ઊભી થઈ શકે છે. તેથી તમામ વિવર્સને હાલની માંગ મુજબ જ યાર્નની ખરીદી કરવાની સલાહ આપતો સંદેશ મોકલવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# રૂ.10 કરોડની ખંડણી કેસના આરોપી જય ડાંગર સામે પત્નીની ફરિયાદ

**દહેજ** ઉત્પીડન, મારઝૂડ અને પાંચ વર્ષના પુત્ર સાથે ઘર બહાર કાઢી મૂક્યાના આક્ષેપ

સુરતઃ રૂ. 10 કરોડની ખંડણી અને બ્લેકમેઈલિંગના બહુચર્ચિત કેસમાં અગાઉ જેલભેગા થયેલા જય ડાંગર સામે તેની પત્નીએ જ અડાજણ પોલીસ મથકે પતિ, સસરા અને દિયર સામે દહેજ ઉત્પીડન, શારીરિક તથા માનસિક ત્રાસ અને ઘર બહાર કાઢી મૂક્યાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, સુરતમાં રહેતી યુવતીના લગ્ન જહાંગીરપુરા સ્થિત રંગરાગ રેસિડેન્સીમાં રહેતા જય કરશનભાઈ ડાંગર સાથે તના લગ્ન થયા હતા અને શરૂઆતના સમયગાળા બાદ પતિના વર્તનમાં બદલાવ આવ્યો હતો અને દહેજ બાબતે અવારનવાર મેણાં-ટોણાં મારી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. સસરા કરશનભાઈ મૂળુભાઈ ડાંગર પણ પત્નીનો જ વાંક કાઢી સતત દબાણ કરતા હતા. જ્યારે દિયર હર્ષ કરશનભાઈ ડાંગર દારૂના નશામાં ઘરે આવી ઝઘડા કરી ત્રાસ આપતો હતો. પતિ જય ડાંગર અવારનવાર મારઝૂડ કરી માનસિક રીતે હેરાન કરતો હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ફરિયાદી મહિલાના જણાવ્યા મુજબ, બાદમાં પતિ અને તેના પરિવારજનોએ કોઈ કારણ વગર છૂટાછેડાની માંગણી શરૂ કરી હતી. વિરોધ કરતાં પાંચ વર્ષના પુત્ર યક્ષ સાથે તેને ઘરેથી કાઢી મૂકવામાં આવી હતી. ત્યારથી તે પિયરમાં રહેવા મજબૂર બનતાં આખરે અડાજણ પોલીસનો આશરો લીધો હતો.

અડાજણ પોલીસે જય કરશનભાઈ ડાંગર, કરશનભાઈ મૂળુભાઈ ડાંગર અને હર્ષ કરશનભાઈ ડાંગર સામે દહેજ પ્રતિબંધક અધિનિયમ, 1961ની કલમ 4 હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે જય ડાંગર અગાઉ નવેમ્બર-2025માં પોતાના કાકાસસરાને બળાત્કારના ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપી રૂ. 10 કરોડની ખંડણી માંગવાના હાઈપ્રોફાઈલ કેસમાં પણ ચર્ચામાં આવ્યો હતો. તે કેસમાં તેની ધરપકડ કરી જેલમાં મોકલવામાં આવ્યો હતો.

ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ છે કે જય ડાંગર રાજકીય ઓળખનો દાવો કરતો હતો અને ભૂતકાળમાં સાંસદની ઓફિસ સાથે સંકળાયેલ હોવાની તેમજ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપના પ્રચારમાં જોડાયો હોવાનો દાવો પણ કરતો હતો. હાલ દહેજ ઉત્પીડન અને કૌટુંબિક હિંસાના નવા કેસ બાદ ફરી એકવાર તે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એથર ઇન્ડસ્ટ્રિઝ અને ડાઉ ઇન્ડિયા વચ્ચે સંયુક્ત રિસર્ચ-ડેવલપમેન્ટ પ્રોગ્રામની જાહેરાત

સુરતઃ ભારતની અગ્રણી સ્પેશિયાલ્ટી કેમિકલ ઉત્પાદક અને CRAMS (કોન્ટ્રાક્ટ રિસર્ચ એન્ડ મેન્યુફેક્ચરિંગ સર્વિસિસ) પ્રોવાઈડર એથર ઈન્ડસ્ટ્રીઝ લિ. અને ડાઉ કેમિકલ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ (ડાઉ ઈન્ડિયા) દ્વારા આજે સિલિકોન્સ માટે નવી મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી વિકસાવવાના હેતુથી એક સંયુક્ત રિસર્ચ પ્રોગ્રામ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ભાગીદારી અંગે એથર ઈન્ડસ્ટ્રીઝના કો-ફાઉન્ડર અને ડિરેક્ટર (રિસર્ચ એન્ડ ઓપરેશન્સ) ડો. અમન દેસાઈએ જણાવ્યું હતું કે, “ આ સહયોગથી એથરની કેમિસ્ટ્રી તથા ટેકનોલોજી ક્ષમતાઓ અને સિલિકોન ક્ષેત્રે વૈશ્વિક અગ્રણી કંપની ડાઉનો અનુભવ એકસાથે આવશે.’’ ડાઉ પર્ફોર્મન્સ મટીરિયલ્સ એન્ડ કોટિંગ્સના પ્રેસિડેન્ટ બ્રેન્ડી લેંગના જણાવ્યા અનુસાર, “આ સહયોગથી ડાઉ માટે ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો અને વધતા માર્કેટની નજીક જઈને મટીરિયલ્સ સાયન્સમાં ઇનોવેશન કરવાનું સરળ બનશે.’’

### BOBએ SRK એક્સપોર્ટ્સના કર્મીના પરિવારને 71 લાખનો અકસ્માત વીમાનો ચેક આપ્યો



સુરતઃ બેંક ઓફ ઇન્ડિયાએ પોતાની સેલરી એકાઉન્ટ યોજના હેઠળ આપવામાં આવતી નિઃશુલ્ક ગ્રુપ પર્સનલ એક્સિડેન્ટલ ઇન્શ્યોરન્સ યોજનાના અંતર્ગત એસઆરકે એક્સપોર્ટ્સ પ્રા. લિ.ના એક સ્વર્ગસ્થ કર્મચારીના પરિવારને રૂ. 71 લાખનો વીમા ક્લેમ અર્પણ કરીને મુશ્કેલ સમયમાં મહત્વપૂર્ણ આર્થિક સહાય પૂરી પાડી છે. ચેક એસઆરકે એક્સપોર્ટ્સ પ્રા. લિ.ના ચેરમેન ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે સ્વર્ગસ્થ કર્મચારીના પરિવારને અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે બેંક ઓફ ઇન્ડિયાના એફજીએમઓ અમદાવાદના જનરલ મેનેજર અજય ત્રિપાઠી તથા સુરત ઝોનના ઝોનલ મેનેજર રાજેશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

### ધી રાંદેર પીપલ્સ કો.ઓ. બેંકમાં ૧૦૪મા સ્થાપનાદિનની ઉજવણી



સુરતઃ સને ૧૯૨૩માં વિશાળ સાર્વજનિક હેતુ અર્થે શરૂ થયેલી ધી રાંદેર પીપલ્સ કો.ઓ. બેંક લી નાં ૧ લી ઓગષ્ટને શનિવારના રોજ ૧૦૪માં વર્ષોનાં મંગળ પ્રવેશે સ્થાપક પ્રમુખ સ્વ. જદુરામભાઈ જોષીનું અને તેમનાં પંચનિષ્ઠાનાં પ્રેરક મંત્ર સ્મરણ સાથે બેંકનાં યુવા ચેરમેન વિશાલભાઇ સેલરે અને બેંક ડીરેક્ટરઓ રાંદેરની હેડ ઓફીસ મુકામે ભુદેવનાં મંત્રોચ્ચાર વચ્ચે માં લક્ષ્મીજીને ફળ અર્પણ કરવા સાથે પારંપારિક પુજા કરી સ્થાપનાદિનની ઉજવણી કરી હતી અને સૌ સભાસદઓ, ગ્રાહકઓ અને કર્મચારીઓને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે થયેલા દિપપ્રાગટયમાં વાઇસ ચેરમેન મહેશભાઇ ભારતી, એડવાઈઝર સી.વાય ભટ્ટ અને બેંકનાં સૌ ડીરેક્ટરઓએ દિપપ્રાગટયનાં સહયોગી બન્યાં હતા. બેંક સંવર્ધક કમલેશભાઇ સેલર, બેંકનાં પૂર્વ ચેરમેન ઇશ્વરભાઇ પટેલ અને રવિન્દ્રભાઇ સેલર, એમ.ડી ઉમેશભાઇ દેસાઇ તથા પૂર્વ ડીરેક્ટર મતી દક્ષાબેન શાસ્ત્રી, ભુપેન્દ્રભાઇ પટેલ, નટુભાઇ ટેલર દ્વારા બેંકનાં દ્વારા ૨૦૦ કરોડનાં બીઝનેશ માટે બેંકને શુભેચ્છા પાઠવી હતી.

### સુરત ટ્રાયથ્લોન એસો. દ્વારા સ્વિમિંગ સ્પર્ધાનું આયોજન

સુરતઃ સુરત ટ્રાયથલોન એસોસિએશન દ્વારા રવિવારે સાંજે 4:00 વાગ્યે સુરત મહાનગર પાલિકાના વરાછા તરણકુંડ ખાતે સ્વિમિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધામાં 11 વર્ષથી લઈને 35 વર્ષ સુધીના બોયઝ અને ગર્લ્સ વિવિધ વયજૂથમાં ભાગ લેશે. કુલ 12 અલગ-અલગ કેટેગરીમાં યોજાનારી આ સ્પર્ધામાં મોટી સંખ્યામાં તરવૈયાઓ પોતાની કૌશલ્યનું પ્રદર્શન કરશે. તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે એબીસી ધ રેસિંગ ગ્રુપ દ્વારા પ્રોત્સાહન ઇનામો આપવામાં આવશે.

### વૈષ્ણવ મહિલા સંગઠનના અલૂણાં ઉત્સવમાં વિવિધ સ્પર્ધાના વિજેતાઓનું સન્માન



સુરત : વૈષ્ણવ મહિલા સંગઠન દ્વારા 30 જુલાઈએ અલૂણાં ઉત્સવ અંતર્ગત વિવિધ હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં કૃતિ પ્રતીક દલાલે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. દુલ્હન વેશભૂષા સ્પર્ધા માં ચાર્મી સોની અને પૂર્વા શાહ સંયુક્ત રીતે પ્રથમ રહ્યા હતા. મહેંદી સ્પર્ધામાં દ્વિતી અને બિનિતા વિજેતા બન્યા હતા, જ્યારે એક મિનિટ સ્પર્ધામાં નયનાબેન લાકડાવાળા અને નીરુબેન શાહે પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વિજેતાઓને પૂર્ણિમાબેન શાહના હસ્તે ઇનામો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન દિપ્તીબેન દલાલ, નીતાબેન કેસચો અને નીરૂબેન શાહે કર્યું હતું. ઉપરાંત, તમામ ભુલકાઓને સંગઠન તરફથી આશ્વાસન ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

### સલાબતપુરામાં જનસેવા સંઘ દ્વારા અલૂણા વ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા યોજાઈ



સુરતઃ સલાબતપુરા ખાતે જનસેવા સંઘના હોલમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે રશ્મિ સાડીસાતસોવાલા, દ્વિતિય ક્રમે શીવાની ગલ્લેદાર, તૃતિય ક્રમે ધ્રુતિ રાણા જાહેર થયા હતા. વિજેતા સ્પર્ધકોને જન સેવા સંઘના પ્રમુખ કિરીટભાઈ મેઘાવાલા અને અન્ય હોદ્દેદારોના હસ્તે પારિતોષિક આપવામાં આવ્યા હતા. દરેક સ્પર્ધકોને આશ્વાસન ઇનામ પણ આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે સ્વીટીબેન ડોબીવાલાએ સેવા આપી હતી.

### પ્રેસિડન્સી સ્કૂલમાં ‘ગુરુપૂર્ણિમા’ મહોત્સવની ઉજવણી કરવામાં આવી



સુરતઃ ન્યુ રાંદેર રોડ પ્રેસિડન્સી સ્કૂલમાં ‘ગુરુપૂર્ણિમા’ મહોત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાવનાસભર ઉજવણી કરી. વિદ્યાર્થીઓએ પ્રાર્થનાસભા અને એસેમ્બલીમાં ‘ગુરુવંદના’ કરી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ ગુરુપૂજન કરી, ગુરુવર્યોના આશીર્વાદ મેળવ્યા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ગુરુપૂજન માહત્મ્યની ચર્ચા અને પ્રશ્નોત્તરી દ્વારા સંસ્કૃતિ સાચવવાની આપણી આ ધરોહર વિશે સંદેશા સાથે પ્રસ્તુતિ કરી હતી.